## માંધાતા લંચન ક્લબ - લેસ્ટર

લેસ્ટર, યુ. કે નું એક જાણીતું શહેર છે જ્યાં આપણા સમાજની સંસ્થા, શ્રી માંધાતા સમાજ સહાયક મંડળના સૌજન્યથી લેસ્ટરમાં રહેતા વડીલ ભાઈબહેનો માટે છેલ્લા ચાર વર્ષથી એક લંચન ક્લબનું આયોજન થયેલું છે. આ લેખમાં આ ક્લબ વિષે માહિતી આપવામાં આવી છે.

આપણા સમાજની આ લંચન ક્લબ ફક્ત એક લંચન ક્લબ જ નહી પણ એક બહોળો પરિવાર છે એમ કહીએ તો અસ્થાને નથી. ક્લબના દિવસે પહેલેથી નક્કી કરેલા મહિનાના બે દિવસો દરમિયાન, તદ્દન ચિંતામુક્ત થઈ વડીલ ભાઈબહેનો મૈત્રી ભર્યા વાતાવરણમાં આનંદથી ભોજન લે છે અને એકબીજાના જ્ઞાન અને અનુભવોમાંથી પ્રેરણા લઈ સામાજીક અને આધ્યામિક પ્રવૃત્તિઓ કરે છે.

વડીલ ભાઈબહેનો એમનું નિવૃત્ત જીવન સરખેસરખા મિત્રોના સહેવાસમાં આનંદમાં ગાળે અને એમને મુઝવતા પ્રશ્નોના ઉકેલ એકબીજા સાથેના વાર્તાલાપથી કે નિષ્ણાતોના માર્ગદર્શનથી મેળવી શકે એ આ ક્લબનો મુખ્ય હેતું છે. ઉમર વધતાં વડીલોને એકલતા સાથે અનેક જાતના સામાજીક અને કાયદાકાનુંનો કે તંદુરસ્તીને લગતા પ્રશ્નો સતાવતા હોય છે. આવા કે આવી બીજી બાબતોમાં મદદરૂપ થવાના આદેશથી આ ક્લબની સ્થાપના કરવામાં આવી હતી.

શરૂઆતમાં વડીલોને રૂબરુ કે ફોન કરીને યોજનાની માહિતી આપી અને શક્ય હોય ત્યાંથી વડીલોને લાવવા લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી. અને ફક્ત છ ની સંખ્યાથી કલબ તા. ૫.૧૧.૨૦૦૩ના રોજે શરુ થઈ જે બીજી મુલાકાતમાં વધીને અગિયાર થઈ. પછી તો સબકમિટિ બનાવવામાં આવી અને ઘરે ઘરે લીફલેટો મોકલાવી બધાને જાણ કરી અને દિવસે દિવસે સંખ્યા વધતી જ ગઈ.

ક્લબના નક્કી કરેલા દિવસે સમાજના મકાનમાં ભાઈબહેનો મળીને પહેલાં નક્કી કરેલી ચીજવસ્તુઓ ની ખરીદી કરી રસોઈ બનાવવાની ટીમ રસોઈ બનાવે અને અન્ય બીજા નાનાંમોટાં કામમાં મદદ કરે. આનંદિત વાતાવરણમાં ચર્ચા થાય અને સમય થતાં ભેગા મળી પ્રાર્થના પછી ભોજન લેવાય. સમયની મર્યાદા વગર સમુહમાં પ્રીતિભોજન એટલે સ્વાદિસ્ટ તો લાગે જ. દરેકને મજા આવે.

ભોજન પછી સાફસુફ કરી દરેક ચીજવસ્તુ ઠેકાંણે મુકી આવતા ક્લબના દિવસની વ્યવસ્થાની ચર્ચા કરી અને બધા ભેગા મળી ફરીથી પ્રાર્થના કરી છુટા પડીએ.

ઉપર મુજબ મહીનામાં એકવાર મળવાની શરૂઆત પછી ૨૦.૧૦.૨૦૦૩થી મહીનામાં બે વાર મળવાનું નક્કી થયું. સંખ્યા પણ વધતી જ ગઈ અને અત્યારે તો હવે સો નો આંકડો પણ સહેલાઈથી વટાવી જાય છે. ખર્ચને પહોચી વળવા દરેક જણ માટે એક પાઉન્ડ ફી રાખવામાં આવી છે. આપણી સંસ્કૃતિમાં અન્નદાનનું મહત્વ છે. લંચ ક્લબમાં આવતા સભ્યો કે બહોળા સમાજ તરફથી કોઈને કોઈ નિમિત્તે ક્લબને ભોજન માટે ડોનેશન મળે છે. એ માટે ૮૦ પાઉન્ડ નિરધાર્યા છે પણ દાન આપનાર અચુક એથી પણ વધારે આપતા હોય છે. અત્યારે એ માટે લગભગ છ માસનું એડવાન્સ બુકિંગ થયેલું છે. હાજર રહેલા ભાઈબહેનોને એ દિવસના ખર્ચનો વિગતવાર હિસાબ આપવામાં આવે છે.

જ્યાં પાંચ માણસો કોઈ એક પ્રવૃત્તિ માટે નિયમિત ભેગા મળે ત્યારે કુદરતી રીતે જ એક માંથી બીજી પ્રવૃત્તિ જન્મે તેમ લેસ્ટર લંચન ક્લબનું પણ છે. દર સાલ અનેક પ્રવાસો, જેવાકે સમુદ્ર કિનારે જવું, બીજા શહેરોના મંદિરોના દર્શન કે રાજારજવાડાના મહેલોની મુલાકાત, યુ. કેના કે યુરોપના દેશના શહેરોના જોવા લાયક શહેરોની પુરેપુરી સગવડ વાળી દિવસની કે બે ત્રણ દિવસની ટ્રીપની પણ નિયમિત વ્યવસ્થા કરવામાં આવે છે જેમાં વડીલો હોશેહોશે ભાગ લે છે. આવી ટ્રીપો દરમિયાન સગવડ અને સંજોગો પ્રમાણે ભારતીય સંસ્કૃતિના નાનામોટા કાર્યક્રમો માં પણ એટલાજ ઉત્સાહથી ભાઈબહેનો ભાગ લે છે.

એકલા લેસ્ટરનું કુટુંબ નાનું લાગવા માડયું જેથી યુ. કે.ના બીજા શહેરોમાં ચાલતી આ પ્રકારની સંસ્થાઓનો સંપર્ક કરી વેસ્ટ બ્રોમવીચની વીસામો ક્લબની લેસ્ટરમાં મહેમાનગીરી કરી અને ત્યાર પછી લેસ્ટર ક્લબે પણ વળતી મુલાકત કરી ભાઈચારો અને મૈત્રીના બીજ રોપ્યાં. એજ રીતે થોડા વખત પર લંડન ડે સેન્ટરને પણ લેસ્ટર બોલાવ્યા અને એક બીજાને મળી સમાજમાં સહકાર અને આત્મિયતા વધતીજ રહે એવી ભાવના મજબુત થઈ. ઉપરાંત જુદાજુદા શહરોમાં ચાલતી વડીલોની ક્લબોનું એક સંમેલન પણ ગોઠવવું એવો વિચાર પણ વહેતો મુકાયો.

નિવૃત થયા પછી સામાન્ય રીતે હજી પણ વડીલોની સામે વર્ષોનો ક્મિતી અનુભવ અને અનોખા જ્ઞાનનો ખજાનો ભરેલું જીવન બાકી રહે છે. સમાજને એનો પુરતો લાભ મળે એ માટે આવા સંગઠનો મજબુત બને અને વધારેમાં વધારે વડીલો એમા ભાગ લે એવી કોષિશ આપણે બધાએ કરતા રહેવું જોઈએ એવી શુભેચ્છા.

*પ્રેસકોઃ ડાહ્યાભાઈ, ભાનુંભાઈ, ડી.. કે. અને લેસ્ટર સમિતિના અન્ય સભ્યો.*